# :–: મકાનનો વેચાણ દસ્તાવેજ :–:

(પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ (રેરા) ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે રજી. નં..................................................., તા....../....../૨૦૧૮ થી નોંધણી કરાવેલ છે.)

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામ મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી ૨ ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી **"રાધેશ્યામ પાર્ક"** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૫ થી ૧૮ ના સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/૧ થી ૪ ના **સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/૧ થી ૪/....** ની જમીન **ચો.મી.આ..........** બરાબર **ચો.વા.આ..........** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતના **મકાન**નો વેચાણ દસ્તાવેજ.

| | | | |
|---|---|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | :– વેચાણ દસ્તાવેજ. | ગામ | :– મવડી |
| રેવન્યુ સર્વે નં. | :– ૧૮ પૈકી ૨ | અવેજ | :– રૂા................./– |
| પ્લોટ નં. | :– ૧૫+૧૬+૧૭+૧૮/૧થી૪/.. | ક્ષેત્રફળ | :– ચો.મી.આ......... |

...૨/–

બાંધકામ એરીયા **ચો.મી.આ.....–.....** (બાંધકામ :– ફ્રેમ સ્ટ્રકચર)

વેચાણ કિંમત રૂા.....,.....,......./– અંકે રૂપિયા ........................ પુરા.

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર નં.૫૪૫૬, તા.૦૧/૧૨/૨૦૧૭.

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં.૬૧૭, તા.૧૯/૦૯/૨૦૧૭.

**<u>લખાવી લેનાર :–</u>**

**શ્રી .............................................**

ઉ.વ.આ. :......, ધર્મે : હિન્દુ, ધંધો :..........,

રહે ઠે. : ...............................................

...........................................................

**.......... તે મકાન ખરીદનાર.**

**..................... તે એલોટી.**

**<u>જોગ લખી આપનાર :–</u>**

**રાવી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી**

**ભાગીદારી પેઢીના ભાગીદારો** (PAN : AARFR 5581 Q)

**(૧) શ્રીમતી કલ્પનાબેન પ્રવિણભાઈ કાકડીયા**

ઉ.વ.આ. :૩૨, ધર્મે : હિન્દુ, ધંધો :ગૃહકાર્ય,
રહે. ઠે. બ્લોક નં.૧૯–બી, કરણપાર્ક શેરી નં.૧,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

**(૨) શ્રીમતી શિતલબેન મનિષભાઈ સોરઠીયા**

ઉ.વ.આ. : ૩૪, ધર્મે : હિન્દુ, ધંધો :ગૃહકાર્ય,
રહે ઠે. : "ગોર્વધન આર્શીવાદ", શ્યામ પાર્ક શેરી નં.૧,
બાપાસીતા રામ ચોક, મવડી પ્લોટ રાજકોટ.

**ભાગીદારી પેઢીનું સરનામું:–**

રાજપથ પોઈન્ટ, ઓફીસ નં.૨૦૪,
સેકન્ડ ફલોર, આસ્થા રેસી.ની બાજુમાં,
૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી પ્લોટ, રાજકોટ.

| | | | |
|---|---|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | :– વેચાણ દસ્તાવેજ. | ગામ | :– મવડી |
| રેવન્યુ સર્વે નં. | :– ૧૮ પૈકી ૨ | અવેજ | :– રૂા................./– |
| પ્લોટ નં. | :– ૧૫+૧૬+૧૭+૧૮/૧થી૪/.. | ક્ષેત્રફળ | :– ચો.મી.આ......... |

...૩/–

**.............તે મકાન વેચનાર.**

**.................... તે પ્રમોટર.**

જત તમો ખરીદનાર જોગ અમો વેચનાર આ વેચાણ દસ્તાવેજ લખી આપી બંધાઈએ છીએ કે, :–

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માં સમાવિષ્ટ ગામ મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી ૨ ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી **"રાધેશ્યામ પાર્ક"** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ **નં.૧૫ થી ૧૮** ના સબ–પ્લોટ **નં.૧૫+૧૬+૧૭+ ૧૮/૧ થી ૪** ની કુલ જમીન **ચો.મી.આ.૫૦૧–૫૦** (બાંધકામ પરવાનગી તથા બિલ્ડીંગ પ્લાન પાસ સાથેની ખુલ્લી જમીન) અમો વેચનાર રાવી એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી એ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૬૫૧૬, તા.૧૫/૧૦/૨૦૧૬ ના રોજ શ્રી ક્રિષ્નકાંત જયવંતકુમાર વ્યાસ વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. ત્યારબાર સદરહું સદરહું સબ–પ્લોટ **નં.૧૫+૧૬+૧૭+ ૧૮/૧ થી ૪** ની જમીનનું સબ–પ્લોટીંગ કરવા માટેનો સબ–પ્લોટીંગ પ્લાન રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં મંજુરી અર્થે રજુ કરતા રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના આસી. ટાઉન પ્લાનરશ્રી તેમની કચેરીના વર્ગીકરણ નં.૫૩**,** તા.૧૭/૦૭/૨૦૧૭ ના રોજથી સબ–પ્લોટ **નં.૧૫+૧૬+૧૭+ ૧૮/૧ થી ૪/ ૧ થી ૬** એમ કુલ છ (૬) સબ–પ્લોટસ મુજબનો સબ–પ્લોટીંગ પ્લાન મંજુર કરી આપેલ છે. ત્યારબાદ સદરહું સબ–પ્લોટની જમીન ઉપર અમોએ રહેણાંકના હેતુ માટે મકાનોનું બાંધકામ કરવા માટેનો રીવાઇઝડ બિલ્ડીંગ પ્લાન રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં મંજુરી અર્થે રજુ કરતા રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના સક્ષમ અધિકારીશ્રીએ તેમની કચેરીના બાંધકામ પરવાનગી નં.૬૧૭, તા.૧૯/૦૯/૨૦૧૭ ના રોજથી રીવાઇઝડ બિલ્ડીંગ પ્લાન મંજુર કરી આપેલ છે. જે મંજુર થયેલ રીવાઇઝડ બિલ્ડીંગ પ્લાન તથા બાંધકામ પરવાનગીની શરતોને આધીન મકાનોનું અમોએ સ્થાનિકે બાંધકામ કરેલ છે. તેમજ બાંધકામ પુર્ણ થયે અમોએ ધારા–ધોરણ મુજબ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી મકાન

| | | | |
|---|---|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | :– વેચાણ દસ્તાવેજ. | ગામ | :– મવડી |
| રેવન્યુ સર્વે નં. | :– ૧૮ પૈકી ૨ | અવેજ | :– રૂા................./– |
| પ્લોટ નં. | :– ૧૫+૧૬+૧૭+૧૮/૧થી૪/.. | ક્ષેત્રફળ | :– ચો.મી.આ......... |

વપરાશ અંગેનું પ્રમાણપત્ર નં.........., તા..../.../૨૦૧૭ ના રોજથી મેળવેલ છે. ત્યારથી સદરહું બાંધકામ સહીતના મકાન અમોની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાના આવેલ હોય. તેથી તેનો તમામ પ્રકારે વેચાણ, વ્યય, વ્યવહાર, વ્યવસ્થા વિગેરે કરવાનો અમોને સંપુર્ણ હક્ક, સત્તા અને અધિકાર છે. તે અધિકારની રૂએ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામ મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી ૨ ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી **''રાધેશ્યામ પાર્ક''** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૫ થી ૧૮ ના સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/૧ થી ૪ ના **સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/ ૧ થી ૪/....** ની જમીન **ચો.મી.આ..........** બરાબર **ચો.વા.આ..........** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતના **મકાન** તમોને વેચાણ આપતા તમો ખરીદનાર જોગ આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ.

(૨) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામ મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી ૨ ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી **''રાધેશ્યામ પાર્ક''** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૫ થી ૧૮ ના સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/૧ થી ૪ ના **સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/ ૧ થી ૪/....** ની જમીન **ચો.મી.આ..........** બરાબર **ચો.વા.આ..........** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતના **મકાન**ના અમોના તે માંહેના તમામ પ્રકારના માલીકી, કબજા, ભોગવટા અને સુખાધિકારના હક્કો સહીત અમોએ તમોને રકમ રૂા................../– અંકે રૂપિયા ................... પુરામાં વેચાણથી આપેલ છે. જેનો સંપુર્ણ ચુકતે અવેજ તમોની પાસેથી નીચેની વિગતે મળી ગયેલ છે.

| **<u>રકમ રૂા.</u>** | **<u>વિગત</u>** |
|---|---|
| રૂા................/– | અંકે રૂપિયા ...................... પુરાનો ............ ................., ............ના ચેક નં............, તા..../.../૨૦૧૮ ના રોજ તમો |

ખરીદનાર પાસેથી અમો વેચનારને ચેકથી મળેલ છે.

રૂા................../– કુલ અંકે રૂપિયા ........................ પુરા.

ઉપરોકત વિગતે તમો ખરીદનાર પાસેથી અમો વેચનારને સદરહું મકાન સબંધેનો સંપુર્ણ ચુકતે અવેજ મળી ગયેલ છે. જેની આથી અમો પાકી પહોંચ લખી આપીએ છીએ. અને અવેજ બાબતે હવે અમો કે અમોના વશં, વાલી, વારસોએ કોઈ વાંધો, તકરાર લેવાના નથી. જેની અમો વચન, વિશ્વાસ અને ખાત્રી આપીએ છીએ.

(૩) આ તમોને વેચાણ આપેલ **મકાન**ની ચર્તુ : સીમા નીચે મુજબ છે. :–

ઉતરે :

દક્ષિણે :

પૂર્વે :

પશ્ચિમે :

(૪) ઉપર પ્રમાણેની હદહદુદ અને ચર્તુ : સીમાવાળા મકાનના અમોના તે માંહેના તમામ પ્રકારના માલીકી, કબજા, ભોગવટા અને સુખાધિકારના હકકો સહીત સદરહું મકાન તમોને વેચાણ આપેલ છે. તેનો સંપુર્ણ ચુકતે અવેજ તમારી પાસેથી સ્વિકારી લઈ તેનો નીર્ભય અને બિન તકરારી કબજો તમોને સોંપી આપેલ છે. આજથી તમો તેના સ્વતંત્ર, માલીક અને કબજેદાર થાવ છો. તે તમો યાવતચંદ્ર દિવાકરો વંશ પરંપરા સુખેથી ભોગવજો, વસજો, વસાવજો, યા તમારૂ દિલ ચાહે તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ કરજો તેમાં હવેથી અમોને કે અમોના વંશ, વારસો, વાલી, કબજેદાર, દાવેદાર, હિસ્સેદાર કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ દરદાવો લેણું કરજ, ગીરો, બોજો, લીયન, ચાર્જ અગ્રહકક, ભરણ પોષણનો હકક, વારસાઈ હકક કે અન્ય કોઈ પ્રકારનો હકક અધિકાર નથી. તેમ છતાં આ તમોને વેચાણ આપેલ સદરહું મકાન સંબંધે અમો કે અમોના પુરોગામીના માલીકી કબજા નામ ટ્રાન્સફર, ટાઈટલ ઈન્ટરેસ્ટ સંબંધે કોઈ ભવિષ્યમાં વાંધો તકરાર ઉઠાવે તો તેવા પ્રસંગે તમોને થતા તમામ પ્રકારના ખર્ચ પરીણામની જવાબદારી

અમોની તથા અમોના વંશ–વારસો, વાલી, સહીત બધાની રહેશે અને તેવી તમામ રકમ તમો અમોની પાસેથી કોર્ટ ખર્ચ સહીત વસુલ મેળ વવા હકકદાર રહેશો.

(૫) આ તમોને વેચાણ આપેલ સદરહું મકાન ઉપર નામદાર સરકારશ્રીનું કે, અર્ધસરકારી સંસ્થાનું કે, રાષ્ટ્રીયકૃત બેન્કનું કે, સહકારી બેન્કનું કે, ખાનગી વ્યકિત, આસામી, પેઢી, કંપની કે અન્ય કોઈનું કોઈપણ પ્રકારનું લેણું કરજ, ગીરો, બોજો, ચાર્જ, વિગેરે નથી તેમજ અમોએ તેના ઉપર લોન લીધી નથી કે જામીનગીરી સ્વીકારેલ નથી કે ખાનગીમાં તેની વ્યવસ્થા, સેટલમેન્ટ, ગીરો, બક્ષિસ, વિગેરે કરેલ નથી. તેમજ સદરહું મકાન એકવાયર કરવા અંગે મને કોઈ નોટીસ મળેલ નથી કે કોઈ કાર્યવાહી ચાલતી નથી. તેમજ સદરહું મકાન કે તેનો કોઈ ભાગ કોઈપણ યોજના માટે અનામત રાખવામાં આવેલ નથી. તેમજ કોઈપણ અદાલતમાં કોઈ હુકમથી જપ્તીમાં કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી. તેમજ આ મકાન અમોની માલિકીનું છે. તેમાં અમોના સિવાય અન્ય કોઈનો લેસ હકક અધિકાર નથી. તેવી ઉપરની તમામ બાબતોનું તમોને પાકુ વચન, વિશ્વાસ, અને ખાત્રી આપીને સર્વે પ્રકારના બોજા રહીત તમોને આ સદરહું મકાન વેચાણ આપેલ છે.

(૬) સદરહું તમોને વેચાણ આપેલ મકાન અંગેના મકાન વેરાના, શિક્ષણવેરાના, વીજળી બત્તીના, પાણી વેરાના, મહેસુલ કરના વિગેરે તમામ વેરા આજદીન સુધીના અમોએ ભરપાઈ કરી આપેલ છે. અને આજથી સરકારી કે અર્ધસરકારી બોર્ડ કે નિગમોના કે અન્ય જે કોઈ કરવેરા આવે તે તમામ તમોએ ભરવાના છે અને સદરહું મકાન તમારા નામ ઉપર ટ્રાન્સફર કરાવજો તે અંગેના ટ્રાન્સફર ફોર્મમાં અમોએ સંમતી બદલ સહીઓ કરી આપવાની છે અને જરૂર પડયે રૂબરૂ હાજર રહેવાનું છે.

(૭) સદરહું તમોને વેચાણ આપેલ મકાનના ટાઈટલ ડીડઝ નીચે મુજબ છે :–

(૧) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી મેળવેલ મકાન વપરાશ અંગેનું

પ્રમાણપત્ર નં.૫૪૫૬, તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજનું ની નકલ.

(૨) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી મેળવેલ બાંધકામ પરવાનગી નં.૬૧૭, તા.૧૯/૦૯/૨૦૧૭ ના રોજની નકલ. તથા આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ રીવાઈઝડ બિલ્ડીંગ પ્લાન અસલ.

(૩) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી મેળવેલ જમીન આંકવા /ભાગ ના વર્ગીકરણ નં.૫૩, તા.૧૭/૦૭/૨૦૧૭ ના રોજનો સબ–પ્લોટીંગ મંજુરી લેટરની નકલ. તથા સબ–પ્લોટીંગ પ્લાનની નકલ.

(૪) હાલના માલીકના નામના રેવન્યુ રેકર્ડ સીટી સર્વે ગામ નમુના નં.૨ ની નકલ.

(૫) રાવી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રીમતી કલ્પનાબેન પ્રવિણભાઈ કાકડીયા વિગેરે જોગ શ્રી ક્રિષ્નકાંત જયવંતકુમાર વ્યાસ વિગેરેએ દસ્તાવેજ અનું. નં.૬૫૧૬, તા.૧૫/૧૦/૨૦૧૬ ના રોજ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

(૬) રાવી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજની નકલ. તથા રજી. ઓફ ફોર્મ્સની નકલ.

(૭) શ્રી ક્રિષ્નકાંત જયવંતકુમાર વ્યાસ વિગેરેએ દસ્તાવેજ અનું. નં.૬૫૧૫, તા.૧૫/૧૦/૨૦૧૬ ના રોજ કરી આપેલ રજી. ડેકલેરેશનની નકલ.

(૮) શ્રી દુધીબેન વશરામભાઈ સોજીત્રા જોગ શ્રી અરવિંદભાઈ બચુભાઈ વરસાણી વિગેરેએ દસ્તાવેજ અનું. નં.૬૪૩૬, તા.૧૩/૧૦/૨૦૧૬ ના રોજ કરી આપેલ રજી. ચુક સુધારા દસ્તાવેજની નકલ.

(૯) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી મેળવેલ બાંધકામ પરવાનગી નં.૬૦૯, તા.૦૪/૧૦/૨૦૧૬ ના રોજની નકલ. તથા આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનની નકલ.

(૧૦) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી મેળવેલ જમીન આંકવા

/ભાગ ના વર્ગીકરણ નં.૭૦, તા.૧૫/૦૯/૨૦૧૬ ના રોજનો સબ–પ્લોટીંગ મંજુરી લેટરની નલક તથા સબ–પ્લોટીંગ પ્લાન ની નકલ.

(૧૧) શ્રી ક્રિષ્નકાંત જયવંતકુમાર વ્યાસ વિગેરે જોગ શ્રીમતી સોનલબેન સંજયભાઈ સોજીત્રાએ દસ્તાવેજ અનું. નં.૨૩૩૭૩, તા.૧૫/૦૯/૨૦૧૦ ના રોજ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

(૧૨) શ્રી ક્રિષ્નકાંત જયવંતકુમાર વ્યાસ વિગેરે જોગ શ્રીમતી દુધીબેન વશરામભાઈ સોજીત્રાએ દસ્તાવેજ અનું. નં.૨૩૩૭૨, તા.૧૫/૦૯/૨૦૧૦ ના રોજ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નકલ.

(૧૩) શ્રીમતી સોનલબેન સંજયભાઈ સોજીત્રા જોગ શ્રી અરવિંદભાઈ બચુભાઈ વરસાણી વિગેરેએ દસ્તાવેજ અનું. નં.૨૪૪૦, તા.૨૭/૦૧/૨૦૧૦ ના રોજ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ ની નકલ.

(૧૪) શ્રી દુધીબેન વશરામભાઈ સોજીત્રા જોગ શ્રી અરવિંદભાઈ બચુભાઈ વરસાણી વિગેરેએ દસ્તાવેજ અનું. નં.૨૪૩૮, તા.૨૭/૦૧/૨૦૧૦ ના રોજ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ ની નકલ.

(૧૫) બીનખેતી સનંદ ન મળ્યા અંગેના દાખલાની નકલ.

(૧૬) રાજકોટ કલેકટર કચેરીના હુકમ નં.એન.એ.–લેરેકોક–૬૫–કેસ નં.૧૫૭/૦૬–૦૭, તા.૧૬/૦૪/૨૦૦૭ ના રોજના બીનખેતી હુકમની નકલ.

(૧૭) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી મેળવેલ જમીન આંકવા/ભાગના વર્ગીકરણ નં.૧૩૯, તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજની નકલ. તથા મંજુર થયેલ બિનખેતી લે–આઉટ પ્લાનની નકલ.

(૧૮) ઝોન સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની નકલ.

(૧૯) શ્રી અરવિંદભાઈ બચુભાઈ વરસાણી વિગેરે જોગ શ્રી છગનભાઈ રણછોડભાઈ સોરઠીયાએ દસ્તાવેજ અનું. નં.૫૩૧૨, તા.૧૭/૦૫/

૨૦૦૬ ના રોજ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

(૨૦) માપણી શીટ તથા હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ.

(૨૧) બીનખેતી ૭/૧૨, ૮–અ તથા હકકપ્રત્રક નં.૬ ના પ્રમોલગેશનથી ઉતરોતર નકલો.

(૨૨) રેવન્યુ ટીપ્પણની નકલ.

ઉપરોકત મુજબની ફાઈલ સાથેના ઉતરોતરના ટાઈટલ ડીડઝ તમોને સોંપી આપેલ છે. જે તમોએ જોઈ તપાસી સંભાળી લીધેલ હોય તેથી ભવિષ્યમાં ટાઈટલના ડોકયુમેન્ટ બાબતે તમોએ કોઈપણ જાતનો વાંધો કે તકરાર લેવાનો નથી. જેની વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ છે.

(૮) આ વેચાણ દસ્તાવેજ અમોએ તમોને તમારા ખર્ચે રજીસ્ટર કરાવી આપવાનો છે. જેમાં સ્ટેમ્પ ડયુટી તથા વેલ્યુએશનનો સંપુર્ણ ખર્ચ તમો ખરીદનારએ ભોગવવાનો રહેશે. તેમજ ભવિષ્યમાં સ્ટેમ્પ ડયુટી તથા વેલ્યુએશનની તમામ જવાબદારી તમો ખરીદનારની રહેશે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

આ વેચાણ દસ્તાવેજ અમોએ વાંચી, વંચાવી, સમજી, વિચારી, જીવકાયમ રાખી, બીનકેફે, શુધ્ધ બુધ્ધિથી, કોઈપણ જાતના ધાક–ધમકી કે દબાણ વિના કરેલ છે જે અમોને તથા અમોના વંશ, વાલી, વારસો વિગેરેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. જેની ખાત્રી બદલ આ નીચે અમોએ અમોની સહી કરી શાખ કરાવી આપેલ છે.

સ્થળ : રાજકોટ. તા. : /૦૨/૨૦૧૮.

**અત્રે ::::::::::::::::::::::::::: મતુ અત્રે ::::::::::::::::::::::::::શાખ**

...................................................... ૧. ................................

**શ્રીમતી કલ્પનાબેન પ્રવિણભાઈ કાકડીયા**
(રાવી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી
ભાગીદારી પેઢીના ભાગીદાર)
(વેચનાર)

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ. | ગામ :– મવડી |
| રેવન્યુ સર્વે નં. :– ૧૮ પૈકી ૨ | અવેજ :– રૂા................/– |
| પ્લોટ નં. :– ૧૫+૧૬+૧૭+૧૮/૧થી૪/.. | ક્ષેત્રફળ:– ચો.મી.આ......... |

.................................................... ૨. ..............................

**શ્રીમતી શિતલબેન મનિષભાઈ સોરઠીયા**
(રાવી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી
ભાગીદારી પેઢીના ભાગીદાર)
(વેચનાર)

| | | | |
|---|---|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | :– વેચાણ દસ્તાવેજ. | ગામ | :– મવડી |
| રેવન્યુ સર્વે નં. | :– ૧૮ પૈકી ૨ | અવેજ | :– રૂા................/– |
| પ્લોટ નં. | :– ૧૫+૧૬+૧૭+૧૮/૧થી૪/.. | ક્ષેત્રફળ | :– ચો.મી.આ......... |

.......................................................... ફોટો ....................

શ્રીમતી કલ્પનાબેન પ્રવિણભાઈ કાકડીયા અંગુઠાની છાપ

(રાવી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી

ભાગીદારી પેઢીના ભાગીદાર)

(વેચનાર)

.......................................................... ફોટો ....................

શ્રીમતી શિતલબેન મનિષભાઈ સોરઠીયા અંગુઠાની છાપ

(રાવી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી

ભાગીદારી પેઢીના ભાગીદાર)

(વેચનાર)

.......................................................... ફોટો ....................

અંગુઠાની છાપ

(ખરીદનાર)

______________ (વેચનાર)

______________ (ખરીદનાર)

**<u>સરનામું :–</u>** ગામ મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી ૨ ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી **"રાધેશ્યામ પાર્ક"** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૫ થી ૧૮ ના સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/૧ થી ૪ ના **સબ–પ્લોટ નં.૧૫+૧૬+૧૭+૧૮/ ૧ થી ૪/....** ની જમીન **ચો.મી.આ..........** બરાબર **ચો.વા.આ..........** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતના **મકાન**, મવડી, રાજકોટ.